# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

'સીટ-સમજુતિ' છે 'મસાલા-પડીકી' ચોડી નાખજો!
નાની વાતે બને નહીં તો લગ્નગાંઠ છોડી નાખજો!
કોડી ના છે કરાર નામના, પક્ષ-સિદ્ધાંતની ચિંતા શી?
સંખ્યાની પરવા શી? ચૂંટાયેલા ને જ ફોડી નાખજો!
(હવે સભ્યો 'ગુજરી'ની જેમ મળે છે)

## હાઈકુ

'તાંત્રિક શર્તો'
ત્રિશૂળની અણીએ
રમો ગરબા!
(સરકારી બંધનો)

પેટે પેસીને
એનું 'મિડિયા' કરશે -
પગ પહોંળા..
(અમેરિકામાં સંઘનું પ્રચાર તંત્ર-વ્યવસ્થા)

## ચિંતન

**મૂર્ખ ચિન્હાનિ ષડિતિ ગર્વો દુર્વચનં મુખે । વિરોધી વિષવાદી ચ કૃત્યાંકૃત્યં ન મન્યતે ॥**

'મદ (અભિમાન-ગર્વ), ખરાબ વચન, વિરોધ-ઝેર જેવા કડવાં વચન, (બોલવામાં કર્કસ-કટુતા) કરવા યોગ્ય હોય તે માનવું નહીં અને ન કરવા યોગ્ય હોય તે માનવું (અને ઉત્સાહિત થઇ કરવું), આ છ વલણ મૂર્ખ જનનાં છે.'

અહીં મૂર્ખ જનોનાં કેટલાંક લક્ષણની વાત કરવામાં આવી છે. પોતાનાં વિદ્યા-જ્ઞાન-સમજ ન હોવા છતાં જાતમાં બુદ્ધિમાન હોવાનું કે થોડી ઘણી સંપત્તિ હોય તો પણ ધનવાન હોવાનું એ અભિમાન કરે છે.

એમની વાણીમાં અસભ્યતા-અસંસ્કારિતા દેખાતી હોય છે વળી બોલવામાં કટુતા-કર્કસપણું અને ઝેરી વ્યંગ્ય વચનો હોય છે.

વળી આવા માણસની ખાસ ઓળખ એ હોય છે કે એમને કરવા યોગ્ય-ફાયદાકારક અને એના હિતની વાત કહેવામાં આવે છતાં એ કોઇનું ગણકારે નહીં અને ન કરવા જેવું કામ વિના કારણ વધારે ઉત્સાહથી કરે છે.

## સુવિચાર

- ખોને કી દહેશત ઔર પાને કી ચાહત ન હોતી..
  તો ના ખુદા હોતા ઔર ના ઇબાદત હોતી - **ઓશો**
- ઘાસ, જમીન, પાણી અને ચોથી મીઠી વાણી એ સારા માણસોના ઘરે કદી ખૂટતા નથી - **અમૃત બિંદુ**
- ગુસ્સાને વશ થયેલો જ્ઞાની પણ અવળા રસ્તે જાય છે - **ઝેન કથન**
- કપટ વગરના સત્યરૂપી ધર્મને બોલનારા વડીલો જયાં હોય તેને સભા કહેવાય - **ભાણદેવ**
- વેદના જાણકારોને તપ, જ્ઞાનીઓને સહનશીલતા, છુપું પાપ કરનારાને જપ અને મનને સત્ય પવિત્ર કરનારાં છે - **મોરારિ બાપુ**
- માણસ પાસે જઇને આપવામાં આવેલું દાન ઉત્તમ છે, માણસને પાસે બોલાવીને આપેલું ધ્યાન મધ્યમ છે, માંગીને લીધેલું દાન અધમ છે, અને સેવા કરીને મેળવેલું દાન ફળ વગરનું છે - **જનકલ્યાણ**
- ખમી ખાનાર, ઉદાર, ગુસ્સાને જીતનાર, પોતાની જાત પર કાબુ ધરાવનાર ઇન્દ્રિયોને વશ કરનાર એવા બ્રાહ્મણને જ હું બ્રાહ્મણ માનું છું, બાકી ના તમામ શુદ્રો છે- **દક્ષ સ્મૃતિ**

**(સંકલન : દીપક વી. આસરા)**

## બોધ કથા

સીતાજીના પપ્પા (પિતાશ્રી) રાજા જનક ને 'વિદેહી' કહેવામાં આવતા વિદેહી એટલે અશરીરી-દેહ વિનાના-એમને ઇન્દ્રિયો પર સંયમ સાધી લીધો હોય.

એક ઉછ્રૂંખલ, અજ્ઞાન, કોલેજીયન-જનકરાજાના દરબારમાં ગયો અને કહ્યું તમને દેહ છે છતાં 'વિદેહી' તમારી જાતને શા માટે કહેવડાવો છો? આપ રાજા છો એટલે લોકો તો કહે!

જનક રાજા કહે - તમે કાલે રાજમહેલમાં જમવા આવો જમ્યા પછી તમારા સવાલનો જવાબ આપીશ.

યુવક તો હરખાતો દરબારમાં ગયો - જમવાનો ઉત્સાહ હતો ત્યાં ફાંસીગર-જલ્લાદ ડોકનું માપ લેવા આવ્યો. યુવક કહે આ બધું શું છે? જલ્લાદ કહે, જમ્યા પછી તમને ફાંસી આપવાની છે એવો હુકમ છે.

યુવકને ચાંદીના થાળી વાટકામાં મીઠાં વગરની રસોઇ આપી. યુવકે જેમ તેમ પરાણે થોડું ઘણું ખાઇ લીધું ત્યાં જનક રાજા આવ્યા. પૂછ્યું ભોજન કેવું હતું? જમ્યાને બરાબર!

યુવક કહે, સામે મોત દેખાતું હોય એમાં સ્વાદ-રસ મજા કયાંથી આવે! પણ તમે આવું કેમ કર્યુ?

જનક રાજા કહે, સામે મૃત્યુ દેખાતું હોય પછી કોઇ પણ જાતનાં સ્વાદ-ઇન્દ્રિય સુખની મજા ન રહે - માણસ શરીર હોવા છતાં 'વિદેહી' થઇ જાય - હું સતત નજર સામે મૃત્યુ રાખું છું. એ જ તને સમજાવવું હતું. બાકી ફાંસી બાંસી કંઇ આપવાની નથી.

યુવકને 'વિદેહી' કોને કહેવાય એની પાકી ખબર પડી ગઇ.

Email - sureshchandrabhatt18@gmail.com

# ટેક ઇટ ગ્રાંટેડ...!! એક વાર કામ કર્યું કે ગળે પડવાની ગેરંટી...!!

## અમે, તમે ધારી લીધેલા માણસ, ક્ષણે ક્ષણે તમારી માટે રિબાતાં માણસ ઉપયોગી માણસ, ઉપયોગના માણસ, અમે હરહંમેશ મુરખ બનતાં માણસ

એકબીજાને મદદ કરવી હંમેશા સારી વાત છે. કેટલાક માટે તો મદદ કરવી તે નિરોગીપણાનું લક્ષણ છે. પણ જયારે એ વાતને ધારી લેવામાં આવે કે આ તો 'આ ભાઇ જ કરશે' ત્યારે માત્ર એ વાત એ વ્યક્તિ માટે ત્રાસદાયક સાબિત થઇ શકે છે. બાકી તો તકલીફના સમયમાં મિત્રએ કરેલી પૈસાની મદદ હોય કે પડોશીને ત્યાં વિશ્વાસથી મુકેલી આપણાં ઘરની ચાવી હોય માં 'આ તો આ લોકો કરશે' ની વાત પરતો આપણા સંબંધો સમૃદ્ધ હોય છે.

સુમંતભાઈની ઉંમર 'એક્સ' વર્ષ અને સમીરની ગાડીનો વેગ 'વાય' કિ.મી. કલાકે હોય એવું ધારીને ટીચર ગણિતના બે સમીકરણ બોર્ડ પર લકીને ફટાફટ એનો જવાબ લાવી 'એક્સ' અને 'વાય' ની કિંમત બરાબર શોધી કાઢે છે. એવાં જ દાખલા ગણીને વિદ્યાર્થી પુરા માર્ક્સ પણ મેળવે છે. પણ આવું ધારીને જિંદગીના દાખલાનાં જવાબ આવે ખરાં? ત્યાં ધારી લેવાય ખરું પણ દાખલાનો જવાબ મળશે એની ખાત્રી શૂન્ય. એવું ઘણીવાર બને છે. સંબંધ ગમે તે હોય, એક વ્યક્તિ બીજા વિશે ધારતો હોય છે. એની પાસે આદર, માયા, કરેલા કામની કદર, બે શબ્દોનો સાભાર, વખાણ કશું જ હોતું નથી કારણ કે ધારેલું જ હોય છે કે 'આ તો આજ કરશે!!'

આ માટે એક અંગ્રેજી શબ્દ છે 'ટેક ઈટ ગ્રાંટેડ' 'યાર, તમે તો આઠમાં જ રહો છો એટલે ગાંધીનગર સમાચાર પ્રેસનોટ તો તમારે જ પહોંચાડવાની હોય ને?' ટેકઈટ ગ્રાંટેડ!!



Hello ફ્રેન્ડસ!

—સંજય થોરાત

hellogandhinagar@gmail.com

આજકાલ તો સાવ સામાન્ય બાબતમાંય લોકો ટેક ઈટ ગ્રાંટેડ કરતાં થઈ ગયા છે. નવી બનેલી સોસાયટીમાં ફેરિયો છાપુ નાંખતો નહોતો અને રવીને છાપુ વાંચ્યા વગર ચાલે નહીં. પણ રોજ સવારે છાપુ લેવા જવું એના માટે શક્ય નહોતું. પડોશી દાદા રોજ મોર્નિંગ વૉકમાં જતાં એમને રવિએ છાપા માટે વાત કરી અને એમણે સહર્ષ સ્વીકારી. દાદા રોજ રવિ માટે છાપુ લાવતાં અને રવિની સવાર સુધરતી. એક દિવસ દાદાને કોઈ એમના મિત્ર મળી ગયા અને એ વાતોએ વળગ્યા. અને એમાં છાપુ લાવતાં કલાક મોડું થઈ ગયું...



આ રવિને રોજની ટેવ પડેલી એમાં મોડું થતાં એ અકળાવાં લાગ્યો. મોડું થતું હતું એટલે ગાડી લઈ ઓફિસે નીકળ્યો અને ગાડી બહાર કાંઢતા જ દાદા દેખાતા, રવિએ કોઈ વિચાર ન કરતાં અકળાઈને કીધું, 'આટલું મોડું કરવાનું? મારે છાપું વાંચ્યા વગર જ જવું પડે છે.' દાદી ઘડીભર શાંત રહ્યા, પછી બોલ્યા, 'આટલા દિવસ યાદ રાખી નિયમિત છાપુ લાવતો હતો જ ને? એક દિવસ મોડું થયું એમાં આટલી ગરમી? મારે તારા સમય પ્રમાણે જ છાપુ લાવવું એવું તે ધારી લીધેલું. મને તારા ઓફિસના સમય સાથે શું લેવા દેવા? હવેથી હું કયારેય છાપુ લાવીશ નહીં.' એમ કહેતા દાદા 'સાલાઓ, ટેક ઈટ ગ્રાંટેડ કરી લીધેલું.' બબળતાં છાપા સાથે ઘરમાં ચાલ્યાં ગયા...

રાધા એના બાબાને સ્કૂલે ઉતારી ઓફિસ જતી. નેહાની મમ્મીને રાધાને પુછ્યું, 'તમે અમારા ઘરે થઈને નીકળો છો તો પ્લીઝ નેહાને લેતા જશો? હું એને લઈને ગેટ જોડે જ ઊભી રહીશ.' બીજા દિવસે રાધા આવી, એનાં ટુ વ્હિલર પર રાધાની સ્કૂલ બેગ, રાજુની બેગ, પોતાની પર્સ બધું જેમતેમ ગોઠવી એ બંને બાળકોને લઈ જવા લાગી. બે ચાર દિવસ બધું બરાબર ચાલ્યું પછી તો નેહા અને એની મમ્મી 'આવું-આવું' કરી મોડું કરવા લાગ્યા અને એટલે રાધાને બંને બાળકોને ઉતારી ઓફિસે જવાં રોજ મોડું થવા લાગ્યું. રાધાએ પછી રસ્તો જ બદલી નાંખ્યો અને છૂટકારો મેળવી લીધો...

આમ તો કોઈક આ કરી દેશે એવું ધારવું કાયમ ખોટું નથી હોતું. માત્ર એનો ગેરફાયદો લેવો ખોટો હોય છે. સંબંધમાં તો આપણે ઘણુંબધું ધારી લઈને જ ચાલતાં હોઈએ છીએ. પતિ-પત્ની એકબીજાને, બાળકો માતા-પિતાને, મિત્રો એકબીજાને. અને એમાંથી જ સંબંધો ખીલી ઊઠે છે. નવી આવેલી વહુને ઘરની, ઘરના રીત-રિવાજોની, લોકોની માહિતી ન જ હોય, હું જ એને ધીમે ધીમં પ્રેમથી શીખવી દઈશ એવું સાસુએ ધારી લીધું તો જ એમનો સંબંધ સશક્ત બનશે. અને સાસરે કંઈ અઘટીત બને તો એ દુ:ખને મમ્મીનો ખોળો સમજી શકશે એવું ધારી લેવું પણ સહજ છે. નોકરીના કે જિંદગીની એકાદ દુ:ખદ ક્ષણે પપ્પાનો અનુભવથી જ એના પર વિજય મેળવાશે એવું ય બધાં ધારતાં જ હોય છે ને?

પતિ-પત્નીના સંબંધમાં જયારે ટેક ઈટ ગ્રાંટેડ વધી જાય છે ત્યારે મનદુ:ખ વધી જાય છે. રશ્મી ભાભીની જ વાત જુઓને. રમેશના મિત્રોનાં ઘરે એ બંને નિયમિત જતા. આજે રશ્મીને એની બહેનપણીના ઘરે જવું હતું રમેશની સાથે. પણ એમાં રમેશે મોં મચકોડ્યું. ઘરમાં રમેશનું જ ચાલતું. રમેશ કહે એ જ રશ્મીને માનવું પડતું. પણ કયારેક રશ્મી પણ ટેક ઈટ ગ્રાંડેટની સામે પડતી. 'આજે આપણે મારી બહેન પણ ઉષાને ત્યાં જઈએ છીએ.'

'હું, અને તારી બહેનપણીના ઘરે? કાલે તો બધી મળી હતી કિટ્ટી પાર્ટીમાં' એણે ચહેરો એવો કર્યો હતો જાણે રશ્મિએ કોઈ ભારે ડિમાંડ કરી હોય.

'એ તમારા મિત્રો હતા. એ બધી એમની પત્નીી, મારી બહેનપણી નહીં.'

'હું આવવાનો નથી. તારી બહેનપણીઓ અને એમના પતિઓ, બધી નવરી બજાર જેવાં છે.' 'એટલે હું તારા મિત્રોની કંપની એન્જોય કરું છું? માત્ર તમને સારું લાગે એટલે આવું છું. મારી ખુશી માટે તમે નહીં આવો?'

'મારે ખુબ કામ છે.' રમેશે અકડ બતાવી.

'સારું, હવે પછી હું પણ તમારી સાથે આવીશ એવું ધારતાં નહીં, હું તમારાં મિત્રોનાં ગૃપમાં આવીશ નહીં' અને રમેશે નાછુટકે આવવા માટે હા પાડી!!

આપણે છે ને જિંદગીમાં ઘણી વસ્તુઓ ધારી લીધી છે. સૂર્યએ પ્રકાશ આપવો જ જોઈએ. વાદળોએ વરસાદ વરસાવવો જ જોઈએ. ઘડિયાળે સાચો સમય બતાવવો જ જોઈએ. હૃદયે સતત ધબકવું જ જોઈએ. પણ જયારે આ બધું આપણી ઈચ્છા વિરૂદ્ધ થાય છે ત્યારે એની કિંમત સમજાય છે. એટલે જ આપણે કોઈ વ્યક્તિને એકદમ ટેક ઈટ ગ્રાંટેડ કરતાં નથી ને? એ જોવું જોઈએ. એકબીજાને મદદ કરવી એ સારી વાત છે, પણ જયારે એ ધારી લેવામાં આવે છે કે આ તો એનું જ કામ, ત્યારે માત્ર એ વાત એના માટે માથાનો દુ:ખાવો સાબિત થાય છે.

અનેક કર્મચારી ધરાવતી ઓફિસમાં આવો એકાદો 'નમૂનો' મળી જ રહે છે. જેને અનેક જણ એટલે બોસથી લઈ ચતુર્થ વર્ગનો કર્મચારી ધંધે લગાડી દે છે. એના માટે ધારીલે છે કે આ તો આ કામ કરી જ આપશે. કયારેક એમની અવસ્થા 'પપ્પુ' જેવી થાય છે. પપ્પુને બધાંએ ટેક ઈટ ગ્રાંટેડ કરી લીધેલો. એટલે બધાં એને કામ વળગાડી છેક ગલ્લે મસાલા ચાવવા અને સિગારેટ ફૂંકવા નીકળી પડતા. એટલું જ નહિ મહિલાઓ મીઠું સ્મિત આપી પોતાનું અડધું કામ એને સોંપીને ઘરભેગી થઈ જતી. અને પપ્પુ રાત્રે રોકાઈને પણ બધાંનું કામ કરી મુરખ સાબિત થતો!!

ઓફિસમાં નવાં આવેલા અધિકારી પારૂલબેનને આ વાત ધ્યાને આવતા વાર ન લાગી. એમને પપ્પુનો સીધો-સાલસ-મદદરૂપ થવાનો સ્વભાવ ગમ્યો, પણ લોકો એને ટેક ઈટ ગ્રાંટેડ કરી એનો ગેરફાયદો ઉઠાવતાં હતા એ ખટકવા લાગ્યું. થોડા મહિના ગયા બાદ એમણે ધીમે ધીમે પપ્પુને સમજાવવાનું ચાલું કર્યું.

'મદદ કરવાનો વાંધો નથી. જેમને ખરેખર તકલીફ છે એમને કર. તું નેતૃત્વ કરીને મદદનો હાથ લંબાવે એનો વાંધો નથી પણ લોકો તારો ઉપયોગ કરી જાય છે. ઉપયોગી થવાય પણ કોઈક ગેરફાયદો ઉઠાવી ઉપયોગ કરે એવું કેમ ચાલે? અને આટલું કર્યા બાદ કોઈ તારા વખાણ કરે કે આદર આપે એ તો દૂર રહ્યું ઉપરથી 'આટલું કામ કરી નાંખજે. એવો આદેશ તને કેમ આપી શકે?' તું કોઈનો નોકર નથી. દરેકને પોતાના કામનો પગાર મળે છે, એટલે એકાદ દિવસ ઠીક છે. પણ દરવખતે ધ્વનિબેનની બેલેન્ટશીટ તારે જ કેમ ટેલી કરી આપવાની?'

પપ્પુને પારૂલબેનનું કહેવું યોગ્ય લાગ્યું હતું. એણે કહ્યું, 'પણ કોઈને ના કેમ પાડવી?'

'મોંઢેમોઢ, શરમ રાખ્યા વગર. તારો આત્મસન્માન એ તારો વિષય છે. એ સાચવવો એ તારા હાથમાં જ છે. તને બધાં ટેક ઈટ ગ્રાંટેડ કેમ કરે છે? તું બધા સાથે હળીમળીને રહે છે એટલે? અને આટલું હોવા છતાં તું કાલે એક ડાઉટ પૂછવા મયંક પાસે ગયો તો તને કેવો ઉડાઉ જવાબ આપ્યો? એ ખરાબ કહેવાય ને? તું હોંશિયાર છે, પણ થોડો 'સ્માર્ટ' બન. તું કશું બોલીશ નહીં એવું ધારીને લોકો તને મુરખ બનાવે છે. તારી સાથે ગમે તેવું વર્તન કરે છે.'

રાત્રે એ વિચારમાં પડખાં ઘસતો રહ્યો. બીજા દિવસે કાંઈક નિર્ણય સાથે ઓફિસ ગયો. ધ્વનિએ કાયમની જેમ બેલેન્સશીટ એના ટેબલ પર મુકી. પપ્પુએ શાંતિથી સ્માઈલ કરી કહ્યું, 'ફોર એ ચેન્જ ધ્વનિ મેડમ, આ મહિનાની બેલેન્સશીટ તમે જ જાતે જ કરો તો કેવું રહેશે?'

**ચૂંટલો :** સમાજમાં, પરિવારમાં, ઓફિસમાં કેટલાંય સેવાભાવી લોકો સતત મદદ માટે ઘસાતાં હોય છે. પણ કેટલાંક ઑવર સ્માર્ટ લોકો એમને ટેક ઈટ ગ્રાંટેડ કરી ધારી લે છે કે આ તો આનું જ કામ છે કરી લેશે. અને એનું માન સન્માન જાળવવાનું છોડી દે છે ત્યારે પેલા સજ્જનને જવાબ આપવા 'સ્માર્ટ' બનવું પડે છે.

# સમગ્ર વિશ્વ આજ 'મધર્સ ડે' એટલે કે માતૃ દિવસની વાત્સલ્યધારામાં ભીંજાઇ રહ્યો છે, માતા દેવતુલ્ય છે, ચારે તરફ માતાના ગુણગાન સંભળાઇ રહ્યાં છે, માતા સાથે જોડાયેલ જીવનના વિવિધ પાસાંઓ, પ્રસંગો પર રસપ્રદ કાર્યક્રમો યોજવામાં આવી રહ્યાં છે

## નવાં કલેવર

- નટવર હેડાઉ

'મીઠા મધુ ને મીઠા મોરલા રે પણ એથી મીઠી છે મોરી માત રે જનનીની જોડ સખી નહીં જડે રે લોલ' માતાનો મહિમા કરતું ગુજરાતી કવિના સાહિત્યનું લોકહૈયે વસેલું ગીત સાંભળી મન આત્મવિભોર થઇ ગયું. સમગ્ર વિશ્વ આજ 'મધર્સ ડે' એટલે કે માતૃ દિવસની વાત્સલ્યધારામાં ભીંજાઇ રહ્યો છે. માતા દેવતુલ્ય છે. ચારે તરફ માતાના ગુણગાન સંભળાઇ રહ્યાં છે. માતા સાથે જોડાયેલ જીવનના વિવિધ પાસાંઓ, પ્રસંગો પર રસપ્રદ કાર્યક્રમો યોજવામાં આવી રહ્યાં છે. સમગ્ર વિશ્વમાં ઉજવાતા આ માતૃદિવસને કયાંક વાત્સલ્ય સજીવ સ્વરૂપ તરીકે પ્રસ્તુત કરવાનો પ્રયાસ થાય છે તો કયાંક વળી જીવનમાં માતા પ્રત્યેનો જવાબદારી નિભાવવાના સંકલ્પ રૂપે એક સ્વરૂપ સાકાર કરવાનો જુસ્સો બતાવવાનો પ્રયત્ન કરવામાં આવે છે. એ પણ એ રીતે જાણએ કે કર્તવ્યપરાયણતાની હોડ લાગી હોય. જે લોકો પોતાની પાસે કંઇ નથી તે પોતાની પાસે માં છે એવો દાવો કરીને જીંદગી સાર્થક થયાનો સંતોષ લે છે. એમ બધું મળીને માંને સમર્પિત માતૃદિવસ જીવનમાં માનવીય મુલ્યોને અભિન્ન રીતે પ્રતિષ્ઠિત ઓળખ આપે છે. બીજી બાજુ અમારા પાડોશી મનોજ પટેલના પૌત્રનો જન્મ દિવસ પણ આજે 'મધર્સ ડે' ના દિવસે જ ઉજવવાનો છે. જન્મ દિવસની ઉજવણીની વિશેષતા એ છે કે આજે ભોજનમાં તૈયાર થનાર વાનગીઓમાં બાના હાથે બનાવેલી ખીર મુખ્ય છે. કેમકે બાળકો દ્વારા બાના હાથની ખીરની ફરમાઇશ સાંભળતાં બાની ખુશીનો પણ પાર નથી. બા રાજી રાજી થઇ ગયાં છે.

બા ગયા વર્ષનો પ્રસંગ ભુલ્યાં નથી. તે પાંચ લીટર દૂધ ભરેલી થેલી ઉચકી નહીં શકતા લઇને આવતાં ગડથોલીયું ખાઇ ગયાં હતા. ત્યારે માતે વાગેલું તેની નિશાની હજુ સ્પષ્ટ દેખાય છે, બહારના લોકોએ ત્યારે પણ આ ઉંમરે આટલો ભાર ઊંચકીને ચાલવા બદલ કેટલીયે સલાહો આપેલી. 'બા આ ઉંમરે શું કામ આટલો ભાર ઊંચકો છો. ઘરમાં તમારા જુવાન બાળકો છે. દીકરા-વહુઓ છે. તંદુરસ્ત પતિ છે. રોજ પાંચ વાગે 'મોર્નિંગ વોક'માં જાય છે તેમને કહી દો તો એ પણ લાવી આપે.

કોઇને શું ખબર કે કઇ કઇ રીતે કેટલો ભાર ઊંચકતા બા એ પંચોત્તેર વર્ષ પુરાં કર્યા છે. શરીર તો છેવટે શરીર છે ને. ગયા વર્ષથી બ્લડ પ્રેસરનો નવો રોગ આવ્યો છે. તેથી જ તો એ ચક્કર આવવાથી ડેરી બુથની સામે પડી ગયેલા. પળવારમાં બહુ મોટો હંગામો ઊભો થઇ ગયેલો. એમાં ઘરનાં તો વળી એમ કહેતા હતા કે 'અમારાં બા કર્મમાં વિશ્વાસ ધરાવે છે. ફળની કયારેય ચિંતા કરતાં નથી. વહુઓમાં જોકે જરા જુદી પ્રકારની ચણભણ થતી હતી.' ડોસી આપણી મજાક થાય એ માટે દૂધ લેવા ગયેલી. લોકોમાં વાચો થશે કે ઘરમાં જુવાન દીકરા-વહુઓ હોવા છતાં બિચારી ને ઘરડે ઘડપણ આટલે દૂર ચાલી ને આવી પાંચ લીટર દૂધનો વજનદાર થેલો ઊંચકવો પડે છે. બા એ હવે તો હદ કરી છે. લોક લાજનો પણ વિચાર નથી કરતાં.' બા ના કાનમાં ઉકળતા સીસા જેવા શબ્દો પડેલા પણ બાળકોની ફરમાઇશે તેને ઠંડા પાડી દીધેલાં.

આ વાત ગયા વર્ષની છે. બા ના હાથે પટ્ટો બાંધતા તેનો ડોકટર દીકરો બોલેલો. 'બા આજે આવો તમારું બી.પી. ચેક કરી લઇએ. આમ તો આજે પણ હંમેશની જેમ ચુસ્ત તંદુરસ્ત લાગો છો. બી.પી.ની દવાતો નિયમિત લો છો ને!' તે પછી બી.પી. માપીને ખુશ થતાં બોલ્યો. 'ઓહ! વન્ડરફૂલ તમારું બી.પી. એકદમ નોર્મલ છે. આજની જુવાન સ્ત્રીઓ તો આ ઉંમરે પથારીવશ થઇ જાય છે. આ તમારા મોર્નિંગ વોકની કલામ છે. જેના કારણે બધું એકદમ બરાબર છે.'

બા કંઇક કહેવા માંગતા હતાં. 'પણ બેટા...'

'પણ ને બણ કંઇ નહીં, બધું એકદમ બરાબર છે. હવે મહેરબાની કરીને પણ પણ ને બણના વહેમમાં ન પડતાં.' તેણે માં ને વાંસે હાથ ફેરવતાં વાત આગળ વધારી. યુ આર પરફેક્ટલી રાઇટ માર ડીયર મોમ. ઘડપણ કોઇ બિમારી નથી. કાલે અમે સૌ તમારા હાથે બનેલી ખીર ખાઇશું. તમને યાદ તો છો ને? ઓ.કે. હવે હું નીકળું છું. હોસ્પીટલે જવાનું મોડું થાય છે.' એમ કહી દીકરો નીકળી ગયો.

બા કહેવા માંગતા હતા કે 'ચાલવા જતાં હવે ચક્કર આવે છે. શ્વાસ ચડે છે. થાક બહુ જ લાગે છે. આંખ સામે અંધારા આવી જાય છે પણ... પણ કંઇ નહીં.' ઘડપણ એ કોઇ બિમારી નથી.' દિકરાના મોઢે સાંભળેલા શબ્દ સંવાદ બની બાના કાનમાં ગુંજી રહ્યાં હતા. દીકરાએ આવી બધી ફરિયાદો ને 'વહેમ'ના વાઘા પહેરાવીને બાનું મોં બંધ કરી દીધું હતું.

પૌત્રનાં જન્મ દિવસની ઉજવણીની તૈયારી ચાલતી હતી. આજ રાતે કાલના ભોજનનું મેનુ તૈયાર થતું હતું. ત્યારે બાના હાથની સ્વાદિષ્ટ ખીરની વાત નીકળી. બાએ ફરી એ વાત કરી. 'સવારે વહેલા દૂધ લેવા જવું પડશે. બહુ ભીડ હોય છે. ઓછામાં ઓછું ૬ લીટર દૂધ તો જોઇશે જ.' બાની વાત સાંભળીને બાપુજીએ પુત્રની સામે અર્થપૂર્ણ નજરે જોયું. પછી વાતને ફેરવીને બોલ્યા. 'આ વખતે મોટો થેલો લઇ જજે.' યાદ છે ને ગયે વખતે 'પ્લાસ્ટિકની થેલી લઇ ગયેલી એ ફાટી જતાં કેટલું નુકશાન થયેલું. બધું દૂધ ઢોળાઇ ગયેલું. વળી પાછું બીજીવાર લેવા જવું પડેલું તે અલગ. આ વખતે એવું ન થાય એનું ધ્યાન રાખજે.' અનેક ચિંતામાં બા આખી રાત પડખાં બદલતાં રહ્યાં. કાપડનો થેલો રાતે જ ઓશીકા નીચે દબાવીને એ સુતા હતા. કાલે ફરી સવારમાં તેમણે પોતે સ્વીકારેલ એ જવાબદારીનો ભાર ઊંચકીને લાવવાનો હતો. પણ મનથી એ ખુશ હતાં. 'ભાર વળી કેવો?' મારા હાથે બનાવી ખીર ખળડાવવી એ તો મારી આત્મીયતા અને રાજીપાની વિરલ ભેટ કહેવાય. સંતોષ મેળવવાની લાલચ બાને ભારરૂપ લાગવાના વિચારથી મુક્ત કરતી હતી. આજીવન બાએ અત્યાર સુધી કેવા કેવા ભાર ઉપાડ્યા છે તો હવે શું ફરક પડે છે. પોતાનાઓની ખુશી માટે આજ પણ હું એ જ માં છું પણ, પણ ને બણ કંઇ નહીં.' દીકરો સાચું જ કહે છે કે ઘડપણ એ બિમારી નથી, કંઇક આવા જ વિચારોની ગડમથલમાં સવારનું અજવાળું થતાં બા દબાતે પગલે દૂધની લાંબી લાઇનમાં આવીને ઊભાં હતા. ૬ લીટર દૂધનો થેલો હાથમાં પકડતાં જ બા હર્ષ અને ગર્વથી ફૂલ્યાં નહોતાં સમાતા. બહુ મોટું યુદ્ધ લડીને યૌદ્ધો બહાર આવે તેમ બા ભીડમાંથી બહાર આવ્યાં. ત્યારે બાની સામે રસોડામાં ખીર બનાવવા માટેનાં તૈયાર વાસણો અને ફરમાઇશ કરનારાંના દિલો દિમાગથી નીકળતા પ્રસસ્થિના શબ્દો સંભળાઇને દેખાઇ રહ્યાં હતા. જેનાથી બા ખુશખુશાલ હતા.

(અનુસંધાન પાના નં. ૬ પર)

# બૂઠી સંવેદનાઓ ન ચાલે, સંવેદના ધારદાર જોઈએ

## ગુલમહોર

- દિનેશ દેસાઈ

અમેરિકાના જાણીતા લેખક-પત્રકાર અને ભવિષ્યવેત્તા ઍલ્વિન ટૉફલર (જન્મ-૧૯૨૮, નિધન-૨૦૦૬) બેસ્ટ સૅલર નૉવેલિસ્ટ તરીકે પણ જાણીતા છે. તેમની નૉવેલમાં સુવાક્યો અને ભવિષ્યનું દર્શન ઠેર ઠેર વાંચવા મળે. તેમણે લખ્યું છે કે "૨૦મી સદીમાં માણસજાતને જો કોઈ મોટું નુકસાન થયું હોય તો એ છે કે માણસ પોતાની સંવેદનાઓ ગુમાવી ચુક્યો છે."

ઍલ્વિન ટૉફલર ન્યૂ યૉર્ક યુનિવર્સિટીમાં ભણતા હતા ત્યારે તેમની મુલાકાત ઍડેલિડ ઍલિઝાબેથ ફારેલ સાથે થઈ. પાંચ વર્ષનાં સંબંધ પછી તેઓએ લવ મેરેજ કર્યાં. લગ્ન પછી ઍડિલેડ ઍલિઝાબેથ ફારેલ "હેઈદી ટૉફલર" નામે ઓળખાતાં થયાં. ઍલ્વિન ટૉફલર "ધ થર્ડ વૅવ" અને "ફ્યુચર શૉક" નૉવેલથી ખ્યાતિ મળી. "ફ્યુચર શૉક" નૉવેલ પરથી હોલિવૂડમાં અંગ્રેજી ફિલ્મ પણ બની છે. "વૅવ" સિરિઝમાં "ફર્સ્ટ વૅવ" અને "સેકન્ડ વૅવ" નામની નૉવેલ પણ ઍલ્વિન ટૉફલરે લખી છે. "રિવૉલ્યુશનરી વૅલ્થ" અને "વૉર ઍન્ડ ઍન્ટી વૉર" નૉવેલ ટૉફલર દંપતીએ સાથે લખી છે. આ ઉપરાંત પણ કેટલાંક પુસ્તકો ઍલ્વિન ઍન્ડ હેઈદી ટૉફલરે સાથે લખ્યાં છે.

ઍલ્વિન ટૉફલરે (૧) ડિજીટલ રિવૉલ્યુશન, (૨) કૉમ્યુનિકેશન રિવૉલ્યુશન અને (૩) ટેકનોલૉજીકલ સિંગ્યુલરિટી (તાંત્રિક અસામાન્યતા) વિશે છેક ૨૦મી સદીના ઉત્તરાર્ધમાં વાત કરી હતી. ૨૦મી સદી તો ચાલી ગઈ, પરંતુ ૨૧મી સદીના પૂર્વાર્ધથી જ માણસજાતના બુરા હાલ થયા છે. કોઈ પાસે સંવેદના રહી જ નથી. બધા પાસેથી સંવેદના ચાલી ગઈ છે. પ્રેમમાં અથવા તમામ માનવસહજ સંબંધોમાં સંવેદનાઓ તો ધારદાર જ જોઈએ. બૂઠી સંવેદનાઓ ન ચાલે. બહારનો દેખાડો ન ચાલે.

**૨૧મી સદીના પૂર્વાર્ધથી જ માણસજાતના બુરા હાલ થયા છે, કોઈ પાસે સંવેદના રહી જ નથી, બધા પાસેથી સંવેદના ચાલી ગઈ છે, પ્રેમમાં અથવા તમામ માનવસહજ સંબંધોમાં સંવેદનાઓ તો ધારદાર જ જોઈએ, બૂઠી સંવેદનાઓ ન ચાલે, બહારનો દેખાડો ન ચાલે**

આપણે આ વાત જાણીએ છીએ છતા હકીકત એ જ છે કે બધા લોક એકબીજા સામે ફક્ત દેખાડો જ કરતા હોય છે. ઍલ્વિન ટૉફલરના કહેવા પ્રમાણે આજના ટેકનોલૉજીકલ સમયકાળમાં માણસ પણ જાણે મશીન બની ગયો છે અને મશીનની જેમ યંત્રવત્ વ્યવહાર કરતો થયો છે. એક વ્યક્તિને પોતાને ઓળખતી હોય એવી બીજી વ્યક્તિ સાથે વાત કરવાનો સમય નથી અથવા વાત કરવાનું પસંદ નથી. જ્યારે વિરોધાભાસ એ પણ છે કે સોશિયલ મીડિયાના પ્રતાપે એક વ્યક્તિ પોતાને વ્યક્તિગત રીતે નહીં ઓળખતી અને હજારો કિલોમીટર દૂર રહેલી વ્યક્તિ સાથે વાત કરવાનું પસંદ કરે જ છે. આમ ભીતરનો ખાલીપો ભરાતો નથી અને શૂન્યાવકાશ વધુને વધુ લાંબો-પહોળો ને ઊંડો પણ થાય છે.

૨૧મી સદીનો માણસ—પ્રત્યેક માણસ કુશળ કલાકાર બની ગયો છે. માણસ આજે બહુરુપી બની ગયો છે. એ ક્ષણવારમાં રુપ બદલી શકે છે, ચહેરો બદલી શકે છે. એક ચહેરા ઉપર બીજું મહોરું પહેરી શકે છે અને અભિનયનો સમય પુરો થતા જ પાછો મહોરું ઉતારીને ફગાવી પણ શકે છે. દરેક વ્યક્તિ પોતાના ક્ષણિક લાભ માટે બીજી વ્યક્તિને છેતરતા ખચકાતી નથી.

હકીકત તો એ છે કે એક વ્યક્તિ જ્યારે સામેની વ્યક્તિ સમક્ષ કોઈ વાતે જુઠું બોલે છે, ત્યારે સામેની વ્યક્તિને તો ખબર જ ન હોય કે વાતમાં અસત્ય છે. આમ જુઠું બોલનાર વ્યક્તિ પોતે જ પોતાની જાતને છેતરતો હોય છે. કારણ કે પોતાના અસત્ય વિશે પોતે તો જાણકાર હોય જ છે. પોતાની જાતને છેતરવા જેવું કનિષ્ઠ બીજું કશું ન હોઈ શકે.

આપણે ગુસ્સો, તિરસ્કાર, ક્રોધ શા માટે કરવો જોઈએ? આપણે ડગલેને પગલે જુઠું શા માટે બોલવું જોઈએ? ગુસ્સો, ક્રોધ અને તિરસ્કાર માટે ભગવાન બુદ્ધ અને સંત તિરુવલ્લુવરના બે પ્રસંગ જાણીતા છે. (૧) ભગવાન બુદ્ધ બોધિ વૃક્ષ નીચે ધ્યાન કરી રહ્યા હતા ત્યારે એક ગોપાલકે ચારો ચરતા પોતાના ગૌધનનું ધ્યાન રાખવા કહ્યું અને આખરે પેલા યુવકે ભગવાનના કાનમાં સળિયા નાખી દીધા. (૨) સંત તિરુવલ્લુવરની સાડીની દુકાનમાં તેમને ઉશ્કેરવા, ગુસ્સે કરવાના આશયે એક યુવાને આવીને તેમની પાસે સાડીની માગણી કર્યા બાદ એક પછી એક ટુકડાઓ કરાવ્યા. આમ છતા સંત વિચલિત ન થયા.

એક સાધુ મહાત્માની પણ વાત કરીએ. તેમની પાસે એક માણસ વંદન કરવાના બહાને નજીક આવ્યો અને જેમ-તેમ બોલવા લાગ્યો. સાધુના સેવકે આગંતુકને રોકવા પ્રયાસ કર્યો પરંતુ સાધુએ પોતાના સેવકને રોકતા કહ્યું કે "આ મહાશયને બોલવા દો, એના મનનો ભાર હળવો કરવા દો."

આવનાર માણસે પોતાના મગજ ઉપરનો કાબુ પણ હવે ગુમાવ્યો હતો. તે અપશબ્દો પણ બોલવા લાગ્યો. તેના અભદ્ર શબ્દોનો મારો ક્યાંય સુધી ચાલ્યો. આખરે થાકી-હારીને આગંતુક માણસ સાધુના આશ્રમની બહાર ચાલ્યો ગયો.

એ પછી સેવકે સાધુ મહારાજને પુછ્યું કે "મહારાજ, તમે એ માણસ ઉપર સહેજ પણ ગુસ્સે ન ભરાયા અને તમે એ માણસને રોક્યો પણ નહીં, એનું શું કારણ?"

કોઈ જવાબ આપવાના બદલે સાધુ મહાત્મા આશ્રમની ભીતર એક ઓરડીમાં ગયા અને થોડી જ વારમાં હાથમાં ગંદા અને મેલની દુર્ગંધ આવતી હોય એવા વસ્ત્રો લઈને પાછા ફર્યા. સાધુએ પોતાના સેવકને એ ગંદા વસ્ત્રો ધરીને કહ્યું કે "લ્યો, આ વસ્ત્રો તમે પહેરી લો અને તમારા સ્વચ્છ-સુઘડ વસ્ત્રો ઊતારીને અહીં મૂકી દો."

સેવકે તો સાફ શબ્દોમાં ના પાડી દીધી અને કહ્યું કે "ના, આવા ગંદા-ગોબરાં વસ્ત્રો તો કેવી રીતે પહેરી શકાય? હું આવા કપડાં તો ન જ પહેરી શકું."

સાધુ મહાત્માએ કહ્યું કે "હું એ જ કહેવા માગું છું. તમે જેમ મેં આપેલા આ ગંદા વસ્ત્રોનો સ્વીકાર ન કર્યો એટલે આ ગંદા વસ્ત્રો મારા હાથમાં જ રહી ગયા. એ રીતે મને પેલા આગંતુક માણસે અપશબ્દો આપ્યાં પરંતુ મેં એનો સ્વીકાર ન કર્યો. આથી એના ગંદા શબ્દો એની પાસે જ રહી ગયા."

**સ્ટોપર :**

"શબ્દમાં ઍટમ બૉમ્બ જેવી શક્તિ રહેલી છે. ન બોલાયેલો શબ્દ આપણો ગુલામ છે, પરંતુ બોલાયેલા શબ્દના આપણે ગુલામ હોઈએ છીએ."